# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત સાંકલી ગામમાં ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં ગોધરા તાલુકાના સાંકલી ગામે તારીખ ૨૨/૦૮/૨૦૧૬ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તાલીમ શિબિર યોજાઇ હતી.

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક મકાઇ છે. ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે ગોધરા તાલુકાના સાંકલી ગામે આયોજીત તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૬૦ ઉપરાંત ખેડૂત ભાઇ બહેનો તથા ગામના સરપંચશ્રીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ર્ડા.એસ.એમ.ખાનોરકર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ) એ મકાઇની મુલ્ય વર્ધિત જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને મૂલ્ય વર્ધિત જાતો વાવવા માટે ભાર મૂકયો હતો. પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું. ર્ડા.પીનાકીન પરમારે સીડવિલેજ અંગે ખ્યાલ આપી, શુધ્ધ બિયારણ તૈયાર કરવા માટેની વિગતો આપી હતી. ર્ડા. ભરતભાઇ ઠક્કરે પ્રથમ હરોળના નિદર્શન અંગેની માહિતી આપી હતી. ગોધરા તાલુકાના સાંકલી ગામમાં શિબિર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના ર્ડા. ભરતભાઇ ઠક્કરે કરેલ હતું.








